શ્રી.

નવીન તદ્દન નવીન.

ગુલાબ—ચંદા

અને

કેશરી—કુમાર.

રચી પ્રગટ કરનાર.

દ્વારકા વાલખીલ્યજ્ઞાન
વર્ધક સભા.

એમણે

દ્વારકા મનોરંજક નાટક મંડળીને
ભજવવા સારૂ આપેલો છે.

મુંબઈ.
"બૉમ્બે ન્યૂ પ્રેસ."
પ્રત ૧૦૦૦
સવત ૧૯૫૨ સન ૧૮૯૬
કિંમત ૨ આના.

પાત્રો.

ભૂપતસિંહ........................નૌત્તમ નગરીનો રાજા.
માધવસિંહ........................માલવા દેશનો પ્રધાન.
કેશરીસિંહ........................ } ભૂપત સિંહના પુત્રો.
કુમારસિંહ........................ }
ગુલાબ........................કેશરીસિંહની સ્ત્રી.
ચંદા........................કુમારસિંહની સ્ત્રી અને માલવ-દેશના પ્રધાનની પુત્રી.
સોમચંદ........................નૌતમ નગરીનો નગર શેઠ.
મૂઢશંકર }
ફોગટ } ....કેશરીના મિત્રો.
ભીમભટ........................રતનપુર નગરીનો બ્રાહ્મણ
કુંવરબાઈ........................તેની સ્ત્રી.
શુરસેન........................રતનપુરનો રાજા તે કેશરી કુમારનો માસો.
વિજય........................તેનો પુત્ર.
છેલશંકરઅને બંકટલાલ............કુંવરબાઈના યાર—શાક્ષી.

રાક્ષસ વૈદ્ય પ્રધાન સૈન્યાધીપતી દરબારીઓ વારાંગનાઓ લુટારા સિપાઈ દરવાણી દાસ દાસીઓ ખેડુતો માર્ગીસાધુઓ પ્રતિહારી વીગેરે વિગેરે.

.ક૨૮૫

નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

પ્રથમ માલવ દેશનો પ્રધાન માધવસિંહ પોતાની પુત્રી ચંદાને સાથે લઇ યાત્રાએ જવાનો વિચાર કરેછે. જેથી ચંદા સાહેલીઓ સાથે એક સભા ભરી વિદ્યા ભણુવા વિશે બોધ કરી સર્વેથી છુટી પડી પોતાના બાપસાથે એક જંગલમાં આવી પહોંચે છે. આ જંગલમાં ખેડુતો ઉપર એકાએક સિંહ ચડી આવવાથી તેઓ ભૂપત સિંહપાસે ફરીઆદ કરેછે. રાજા કચેરીમાં હાજર નહીં હોવાથી તેમનો નહાનો છોકરો કુમારસિંહ સિકાર કરવા જાયછે. આ અરસામાં પ્રધાન માધવસિંહ ઉપર તેજસિહ તલાપ મારી તેનો જીવ લેયછે અને બીજી તલાપ ચંદા ઉપર મારે છે, કે તુરત કુમાર –સિંહનો–શિકાર કરેછે. પ્રધાન સાથેના માણુસો નાશી જાયછે, જેથી ચંદા કલ્પાંત કરેછે, કુમાર ધીરજ આપેછે, અને અંતે તેનું પાણીગ્રહણ કરી પોતાની રાજધાનીમાં દાખલ થાયછે. અને બધી હકીકત ભૂપતસિંહપાસે નિવેદન કરેછે, તેટલામાં તેજ ગામનો નગરશેટ નામે સોમચંદ ભૂપતસિંહના મોટા કુંવર કેશરીસિંહની બદચાલ બાબત ફરીઆદ કરેછે. રાજા પુત્રને ફીટકાર આપી કાઢી મૂકેછે. વડીલ કુંવર કેશરીસિંહ પોતાના બાપે નગરશેઠની ફરીઆદ ઉપરથી આવેલા ઠબકા વિશે વિચાર કરેછે, અને પોતાની સ્ત્રી ગુલાબ ઉપર શક લાવી તેની પાસે જાયછે. ગુલાબ ઘણે દિ-વશે પતિના દર્શન થવાથી હર્ષીત થાયછે, તેને કેશરી ફીટકાર આપી જતો રહેછે જેથી ગુલાબ રૂદન કરેછે. કેશરી પોતાના દુષ્ટ મિત્રોને મળેછે, અને પોતાના બાપે ફીટકાર આપી કાઢી મુકયાથી રાજયગાદી નહાના ભાઇને મળશે એમધારી તેનો ઈલાજ લેવા માટે મિત્રોની સલાહ માગે છે, જેથી મિત્રો નહાના ભાઇનો મહેલ બાળી તેમને જીવતાં બાળી મુકવા માટે સલાહ આપેછે. ચંદા તથા કુમાર મહેલમાં સુતેલાં છે તેમાં આગ લગાડવાથી ચોકીદારો કેશરીને પકડે છે, અને તેના દોસ્તદારો નાસી જાયછે. માણુસો આગ ઠારી નાંખેછે, જેથી તે દંપતિ આવેલા કષ્ટમાંથી બચી જાયછે, અને ઇશ્વરસ્તુતિ કરેછે.

અંક ૨ જો.

ભૂપતસિંહ રાજા કચેરી ભરી રાજ્યાસન ઊપર બીરાજેલા છે તેમનીપાસે કુમારસિંહ કેશરીસિંહે મહેલ બાળી નાંખવાથી જાહેર કરેછે, રાજા મોટા પુત્રને ધિઃકાર આપી જેલખાનામાં મોકલાવેછે આ ખબર તેમની સ્રી ગુલાબને મળવાથી કલ્પાંત કરેછે. પુત્રના દુઃખથી ભૂપતસિંહ બીમાર પડી અંતે દેવ શરણુ થાયછે. અને કુમારસિંહને ગાદી મળે છે કેશરીસિંહ જેલમાં અફશોશ કરેછે અને પહેરેગીરો સુઇજવાથી જેલ તોડી નાશી જાયછે, પોતાના દુષ્ટ મિત્રો સાથે મળી રાજ્યગાદી મળવા માટે સૈન્યાધીપતીને ફોડે છે, આ વાતની ખબર એક સિપાઇ પ્રધાનજીને આપેછે, જેથી પ્રધાન કુમારસિંહને ચેતાવે છે, કુમાર પોતાની સ્રી ચંદાને પ્રધાનસાથે વનમાં મોકલે છે, ગુલાબ મૂર્ખપતીને પાને પડવાથી રૂદન કરેછે તેને દાસી ધીરજ આપેછે, કુમાર પોતે લડે છે અંતે હારી જવાથી નાશી જાયછે, જંગલમાં ચંદાસાથે મળેછે કુમારને તૃષા લાગવાથી પ્રધાન પાણી લેવા જાયછે. કુમાર ફળફુલ લેવા જાયછે અને ચંદાનું રાક્ષસ હરણ કરી જાયછે. પ્રધાન પાણી લેઇ પાછો આવતાં રાજા તથા રાણીને નહીં જોવાથી શોધમાં નીકળે છે. કુમારને પરધાન તથા પોતાની સ્રી નહીં મળવાથી પરધાન ઉપર શક લાવી તપાસ માટે જાયછે કેશરીના દુષ્ટ મિત્રો નામે ફોગટ અને મૂઢશંકર બને જણા સૈન્યાધીપતિને મારી નાંખવા માટે કેશરીને સલાહ આપેછે અને સૈન્યાધીપતિને મારી નાંખેછે, કેશરીસિંહને જુગાર રમાડેછે તેમાં દગાથી રાજ્ય હારી જાયછે. કુમારસિંહ પોતાની સ્રીનો તથા પરધાનનો તપાસ કરતાં પત્તો નહીં મળવાથી જંગલમાં ભટકેછે તેને માર્ગી સાધુનું ટોળુ મળેછે, આ સાધુઓ જંગલમાં રહેતા રાક્ષસવિષે વાત કરી વાકેફ કરેછે. કુમારને રાક્ષસ ઉપર શક આવેછે, જેથી તેનો નાશ કરવા તેના રહે ઠાણે જાયછે. ચંદાને રાક્ષસ બહુ દુઃખ આપે છે જેથી રૂદન કરેછે તેટલામાં કુમાર આવી રાક્ષસનો નાશ કરી અને બને સ્રી પુરૂષોનો મેળાપ થવાથી ઇશ્વરસ્તુતિ કરે છે.

અંક ૩ જો.

કેશરીસિંહ રાજ્ય હારી જવાથી પસ્તાવો કરેછે અને પોતાની સ્ત્રી ઊપર પ્રેમ આવવાથી તેને મળવા જાયછે ગુલાબ મહેલમાં સુતેલી છે તેને સ્વપ્નુ આવેછે જેથી ઝબકી ઊઠે છે, તેટલામાં પતિનાં દર્શન થવાથી આનંદ પામે છે પોતાની મુર્ખાઈ માટે પસ્તાવો કરી બંને જણા નાનાભાઈ કુમારસિંહની શોધ માટે નીકળે છે, જંગલમાં કુમાર તથા ચંદા ભટકે છે, ચંદા થાકી જવાથી પાસેના ગામવિષે વિશ્રાંતી માટે જાયછે. જંગલમાં ભૂપતસિંહનો પરધાન કુમારસિંહને મળવાથી પસ્તાવો કરેછે, તેને રસ્તામાં દરવાણી મળે છે તે રાજ્યની તમામ હકીકતથી વાકેપ્ કરી જાયછે પરધાન શોધ શરૂ કરેછે કુમાર તથા ચંદા રતનપુર શહેરમાં આવે છે અને એક બ્રાહ્મણને ત્યાં નિવારા કરેછે, બ્રાહ્મણની સ્ત્રી બદખ્યાલની હોવાથી રાતની વખતે પતીને મારી નાંખી કુમાર તથા ચંદા ઊપર તહોમત મુકી પકડાવે છે આ કેશનો ચુકાદો તે ગામના રાજા શુરસેન પોતાના પુત્ર વિજયને કરવા માટે આપે છે શાક્ષી પુરાવાથી કેશ સાબીત કરી કુમારને ફાંસીનો હુકમ કરેછે. ચંદાને દેશપાર જવાનો હુકમ કરવાથી છેલી વખતની મુલાકાત ફાંસી નજીક બંને જણા લેય છે. નગરના લોકો ફાંસી જોવા માટે જાય છે તે સાથે ભૂપતસિંહનો પરધાન પણ ફાંસીની જગ્યો એ દાખલ થાયછે ચંદા તથા કુમાર બહુ કલ્પાંત કરેછે આખરે ફાંસીના લાકડા ઊપર ચડે છે અને ઇશ્વર સ્તુતિ કરતાં પોતે ભૂપતસિંહનો નીરપરાધી બાળક વગર વાંકે માર્યો જવાથી વર્ણન કરેછે આ વાતની રાજા શુરસેનને ખબર પડવાથી ફાંસીથી મુક્ત કરે છે અને હકીકત પુછે છે. બ્રાહ્મણી પોતે ખોટુ તર્કટ કરયાનું કબુલ કરેછે જેથી તેને હદપાર મુકે છે પરધાન કુમારસિંહને ઓળખવાથી મળે છે અને રતને દરવાણીએ કહેલી હકીકત નીવેદન કરે છે, લડાઈ માટે લશ્કરની તેયારી કરેછે કેશરીસિંહ તથા ગુલાબ જંગલમાં

કુમારની શોધ માટે નીકળેલા છે તેને લુટારાઓ મળે છે, તે સાથે લડાઈ થાયછે છેવટ લુટારા નાશી જાયછે એટલામાં કુમારસિંહ લશ્કર લેઈ પોતાની રાજ્યધાની તરફ જાયછે, કેશરી છુપી જાય છે પાછળથી કુમારને ઓળખવાથી મળે છે પોતે કરેલા કૃત્ય માટે માફી માંગી પસ્તાવો કરે છે શુરસેન ધીરજ આપેછે કેશરીના દુષ્ટ મિત્રો ગાદીએ બેસવા માટે આપસ આપસમાં લડેછે તેટલાં દરમ્યાનમાં કુમારસિંહ લશ્કર સહીત ઘેરોઘાલી દુષ્ટોનો પરાજય કરે છે અને વડીલ બંધુને ગાદીએ બેસારી અંતે ઈશ્વર સ્તુતી કરે છે.

ગુલાબ-ચંદા

અને

કેશરી-કુમાર.

અંક ૧ લો.

ઇશ્વર સ્તુતિ.

૧

પાયે પ્રભુ પડીએ—(૨)
હે દયાળ-આજે-બાળ-નમેનાથ-જોડી હાથ
સારેગમ-શુરગાણ કડીએ-પાએ—૧
વિશ્વનાથછો-મહા દયાળુ
મહેર કરો મુજપર મયાળુ
નિત્ય ધરૂં તુજ ધ્યાન ભગવાન
છું નાદાન કહું આ વાર ફિરતાર
પાર ઊતાર કરૂં સ્મરણ ઘડી ઘડીએ પાએ—૨

૨

સાહેલીઓ—
ચાલો ચાલો સખી મહારી સભામાં થઈછે તૈયારી
ધન્ય દિન સુખકારી, મળી બહેની સહુ પ્યારી
લાવો પુષ્પો તણાહાર, દીસે અતિ ખુશ્બોદાર
જેછે મનમાં વિચાર—ખુલ્લા આજે કરશું બહાર
સાહેલીઓ—એની બાલ્યબાલકી બહુ બણાવજોરે
વાંચન ગીત સાથે અંક તો ગણાવજોરે—૧

ભણીને થસે આલાક ચતુર સુંદરીરે
ચંચળ જ્ઞાનીને વીવેકમાં પૂરી ભરીરે—૨
જુઠા વહેમ સર્વી તેથી સહુ દુરથસેરે
જેથી તે કુકર્મને કુમાર્ગે નવસેરે—૩
અભણ મુર્ખબાલ્ય બહુ દુઃખ પામસેરે
ભણેલીના ગૂણ દશદીસે જામસેરે—૪
જુઓ રાજ્ય રાણીના થયાં ભણુવાથકીરે
ભણેલી સંસાર સુખ પામસેનકીરે—૫
પતી મૂર્ખસાથે કદી નહીં પરણાવસોરે
સુજ્ઞ શાણાને શીરોમણી સોધાવસોરે—૬
સદાછે ગુલાબને ચંદાની આ વીનતીરે
બેની બાળકી ભણાવજો–સહુ પ્રીતથીરે—૭

૩

યાત્રાળુઓ—

શ્રી ગોકુળ મથુરાં ચાલો યાત્રાના ધામનીહાળો
છો સૌ સંગાથે સાથે સાથે ઘોનીજ હાથે
મોજ ઘણેરી મહાલો—૧
આ ભવ જંજાળો દેહ દુઃખ ટાળો કષ્ટ નીવારો
શ્રી હરી નામ સંભારો—૨
આ વૃક્ષ મનોહર છાયા શીતકર શોભીત સુંદર
વખ્ત અહીં સૌગાળો

૪

ખેડુતો—

પુંજા પટેલ આજ ફરીઆદ કરવીસે—(૨)

પુંજો—સેની. સેની. એની.

ખેડુત—આજ ખેતરમાં વાઘજ આવ્યો
મારી મુજ નેંખાત
તમે તમારે ઘેર બેઠાછો
જીવ હમારો જાત—પુજા—૧

પુંજો—ધીરો ધીરો ધીરો

ખડુત—હાલો બધે સૌ ભેળા થઇને
રાજાજીને કહીએ
વાઘ આવ્યાનું સૌ મળીને
પાછે જઇને કહીએ—પુંજા—૨

પુંજો—હાલો. હાલો. હાલો.

૫

કુમારશીંહ—

રજા આપો મને હો પ્રધાન છેગુમાન છેગુમાન
છેગુમાન છેગુમાન રજા આપો
જઊંછું સત્વર હું રાન હરૂં શીંહકેરા પ્રાણ
કરૂં શીકારે તૈયારી પુરૂં આશ નીશ્ચે મારી
ચડર્યું શુર ભરપુર શીંહને કરૂં હુ ચુર
નહીં નાદાન, હરૂં જાન, નકી માન, રજા આપો

૬

ગડબડભર.—

ધરૂં નીત્ય પ્રભુ તુજ ધ્યાન-ભગવાન—(ટેક)
હું બ્રહ્મ કર્મ આચરતો, તુજ આરાધન પ્રભુ કરતો
પૈસાને અર્થે ફરતો, આવ્યો રસ્તે આરાન-ભગવાન—૧
મહાવિકટ જંગલને ઝાડી ઊંચા પહાડ ગીરોછે આડી
ઘણાં વધ્યાં વૃક્ષને તાડી ફરે શીંહ કરે નુકશાન-ભગવાન—૨
જેનું મહાભયંકર રૂપ કરે શીકાર મોટા ભૂપ
પેલા વૃક્ષ તળે છે કૂપ તેમાં કરી સ્નાન ધરૂં ધ્યાન-ભગવાન-૩

૭

ચંદા.—

આ અઘોર વનમાં તજીગયાં હોતાત
રડતી ઈહાં એકલીહું બાલ્ય હાય આ અઘોર—૧
માત તાત ભ્રાત પ્રભુ દૂર તેં કર્યો
આણ્યો એમ સર્વેનો તે કાળ હાય, આ અઘોર—૨

હે પ્રભુજી તુજવીણુ સાહ્ય કો કરે
કરજો તમો દયા ગોપાલ હાય, આ અઘોર—૩
આપશે તું દુઃખ હજુ કેટલું ઓ નાથ
થઈને પ્રભુજી તુંજ દયાલ હાય આ અઘોર—૪
મેહેર મુજપર કર માધવ મુરાર
દીન રીની લેજો સંભાલ હાય આ અઘોર—૫

૮

કુમારશીંહ.—
ધૈર્ય ધરધીર છબીલી નાર ઓ પ્યારી
થયો છે. કયાં જન્મ અરે ઓ બાલ્ય કુમારી—(ટેક)
કોણ દેશ કયું ગામ છે તારૂં
શું છે તમારૂં નામ કહોનારી ધૈર્યધર—૧

૯

કુમાર.—
પ્રીયનારી પ્રીયનારી હું છું પુર પ્યારમાં—(ટેક)
ધન્યદીન આજ જાણો રંગમાં વિલાશમાણો
આ હુલાશ દીલ આણો પ્રેમના પુકાર પ્યારી
પ્રેમના પુકારમાં-પ્રીયનારી—૧
મૃગનયની છો તું નારી મારી મુજને કટારી
સુંદર મદન વિહારી મોહ બાણુ માર પ્યારી
મોહબાણુ મારમાં-પ્રીયનારી—૨

૧૦

કુમાર—ગયો સીંહશીકાર આજ હું પ્રીતે કરવા
માર્યો એક મનુતેહ પ્રાણ લાગ્યો એ ભરવા
મારી તલપ જે વાર સીંહ પંજામાં નારી
મેં કરયો સહસ્ત્રનો પ્રહાર બચાવી બાલ્ય કુમારી
માત તાતકે ભ્રાત નથી કોઈ સંગેતેનું
લગ્ન તણો કરી દાઠ ગ્રહણ કરવું છે એનું

ક્ષત્રી કુળની બાલ તણું મેં રક્ષણુ કીધું
પ્રાણુ બચાવ્યા કાજ પ્રેમે આલીંગન લીધુ

૧૧

સોમચંદ—

કહુ પળિ આદહું માડીડે રહુ કેમ દીળજ ઢાડીડે
કુંવડ આપનો મોટો જેછે કેસડી તેનું નામ
રૈયતને તે બહુ દુઃખ ડે છે કેમ ડેવાયે આ ગામ—૧
શેઠ સાહુકાડની આબળુ લે છે.
વહુડી કળીઓની લાજ
ટેથી હવે અમે મુઝાણા ઊપાય કરો મહારાજ—૨

૧૨

ભૂપતશીંહ—

નીરલજ નીચ બ્યભીચારી ધીકાર
સાંભળતાં નહીં શર્મ લગાર
આવ્યો રૈયતનો આશો પુકાર નીરલજ—૧
પ્રજા સહુ પુત્ર મારી કરે છે તું દુઃખીયારી
પાપી પછાડીને મારૂં પેજાર નીરલજ—૨
કુળમાં લાગ્યું કલંક જુલ્મ ગારી પીડે રંક
શીર તારૂં હું ઊડાવું આવાર નીરલજ ૩

૧૩

ગુલાબ—

પ્યારા પ્રીતે અરજ ઊર માંહી ધરો
દાસી સાથે ચમન કરો પ્રેમેથી પરવરો, પ્યારા
મુખ કમલ છબી ઊદાસ દીસે યૌવન મદન
તણું પ્યારા કષ હરો
દાસી સાથે ચમન કરો પ્રેમથી પરવરો, પ્યારા

૧૪.

કેશરીશીંહ—

બસ બસ નારી અરે ઠગારી જા ધુતારી તારે કામ
મૂખ મારે ઊદાશી દીસે તેનું તારેશું છે કામ

આબીજા તું રસ્તેતારે કહું જુંઠું સાચે સાચું
જો બોલે તો મારૂં થપડ ભાંગુ હું તારૂં ડાચું

૧૫

સુલાભ—

અરેનાથજી આ સમે નાશી શું ગયા
એકદમ પ્રહાર કરયો આવી ના દયા
હતીરે ઊમેદ મલવાની મનમાં
દુ:ખ અતિ દીધું મને નાથ તનમાં
ઉભી તી આશા એ એવી પતિને મળું
નીરાશ કરી છે તેથી દેહમાં બળું

૧૬

મુંકશંકર.—

જુગાર રમું હું જુગાર—(૨)
લુચ્ચા અને ઠગબાજ પાસેથી પૈસા હરૂં અપાર
રમતો રમું હું અપાર—(૨)
સામાવાળાનું સૌધન હરૂં પણ હું નવ હારૂં લગાર
પકડાઊં નહીં કોઈવાર—(૨)
વખ્ત કદી એવો આવી બને તો ગણી જાઊં પોબાર
દોસ્તાર મારા છે અપાર—(૨)
જુગાર રમી સર્વે હારી ગયા છે ખોઈબેઠા ઘરબાર

૧૭

ઢોગર.—

સાંભળ દોસ્ત હકીકત મારી હું ગાંજો પાઊં છુ બારી
ગાંજો ગાંજો હું કરતો બાવા સાથે આથડતો
વાડામાં હું ભાટકતો

ચલમ ચલમ કરી હું ભમું સમાને નવગમું
બહુ વાત થાય છે મારી—હંગામે

૧૮

કેશરી.—

ધન્યદીન હું આજનો જાણું મલ્યા પ્રીય બંધુ સૌબાર
દીન દાસપર મેહેર કરીછે પ્રભુ તમે માધવ મુરાર
આળસ તજી ઊભા થાઓસા સામાટે કરોછો બહુવાર
અમન ચમનમાં ખુબ ઊડાવી ને રમશું રમતો જુગાર
વળી સેવામાં દાખલ કરશું દાસ દાસીઓ અપરમપાર
મેવા ફળ મીષ્ટાનની સાથે પાન સોપારીનો નહીંપાર
ગુલાબ ચંપા જાઇ જૂઇ ચંબેલી અતિ ખુસ્બોદાર
રંગરાગ પ્રીય ખુબ ચલાવી સંધ્યા સમયે ફરશું બહાર

૧૯

કેશરી.—

સુન ચોપદાર કહું છું હું જે આવાર કરજે સહુ તૈયાર
સુંદર ગૃહમાં—(૨)
પુષ્પને બહુહાર મીઠાઈ ખુમચા સાર લાવી
અતર આ વાર હાજરકર ત્યાંય—(૨)
પ્રીયમીત્ર મારો તેની સાથે જે છે યારો મારા
જાની દોસ્તદારો આવે સૌ ત્યાંય—(૨)
મલ્યો હું જે વાર વનની મોઝાર મલ્યો હું જે વાર
ઘણો દીધો આવકાર પ્રીય મીત્રનો બહુ પ્યાર
આવ્યો તનમાં—(૨)

૨૦

નાયકન.—

પાન કરો પ્રીતે મહારાજ રંગ લીધો દારૂડે—(ટેક)
દારૂ તો જનકો પીએ એ કેવો ગુણવાન
રંગતણી અતિ રેલમાં ભુલે વિચીક્ષણ ભાન—૧
દારૂ પીને પ્રીતથી પાસા ઝાલો હાથ
રમત તો જારી કરો પ્યારા મીત્ર સહુની સાથે

૨૧

કેશરી.—

ધાર્યું એહ નીશ્ચે થશે હવે કાજ—(૨)
કનીષ્ટ બંધુને ઝાલી પછાડું મેહેલ તેનો જઇ સત્વર બાઝું
અને મને પછીરાજ-ધાર્યું—૧

રોમ રોમ મને ચડયું છે શુર ચાલો હવે સાને કરો અસુર
મારી બનું મહારાજ–ધાર્યું—૨

૨૨

કુમાર—પ્યારી પરમેશ્વર ના પ્રતાપથી ઊગરીને આવી આં
ચંદા—પ્રીયનાથ પ્રભુએ બચાવીયાં
કુમાર—પ્યારી પરમેશ્વરના પ્રતાપથી ઊગરીને આવી આં
દાવા નળમાંથી ઊગાર્યા.
ચંદા—કરી સાગ્રને પાર ઊતાર્યા
કુમાર—તેણે કષ્ટ સર્વે સંહાર્યા
ચંદા—પ્રીયનાથ પ્રભુએ બચાવીયાં
કુમાર—પ્યારી પરમેશ્વરના પ્રતાપથી ઊગરીને આવી આં
જે સકળ જગતના નાથ
ચંદા—ગૃહયો સંકટ સમયે હાથ
કુમાર—તેનો પાડમાની એ સાથ
ચંદા—પ્રીયનાથ પ્રભુએ બચાવીયાં
કુમાર—પ્યારી પરમેશ્વરના પ્રતાપથી ઊગરીને આવીયાં

૨૩

કુમાર તથા ચંદ—જલધર હલધર દયાકર દીનનાથ
હે દયાલ એ મયાલ છો કૃપાલુ ગૃહોહાથ
શ્રીગોપાલ કષ્ટટાલ રાખો શરણે
અહરનીશ નમું પ્રભુ તુજ ચરણે
નીરાધાર શ્રીમુરાર નીરાધાર છું
સાહયે સદા રહે જે પ્રભુતું તું તું

૨૪

આગઠારનારાઓ—હાલો હાલો હવે સૌ સાથે મળી આગઠારીએ
ઘડા ઢોળો ઝટો ઝટ હટ હાલો—૧
પેલોહુને પછી પુંજીઓ કેસોકહેછેકરોકટ
કરોકટ ઝટ હાલો—૨
દોડી દોડી ઘડા ઢોળ્યા સામટા
આગ ઓલવીછે ઝટ હટ લાલો—૩

અંક ૨ બીજો.

૨૫

કુમાર—મારા પુજ્ય પવીત્ર——(૨)
બાલ્ય કુમારની આ અરજી ઊમરમાં ધરો

સુનો તીર્થ રૂપશીર છત્રતમે
અને વડીલ બંધુ અતીશય દમે
કરો સાહ્ય પિતાશ્રી આવે સમે-મારા—૧
નીશા સમયે મેહેલની પાસે આવ્યો
સાથે મીત્ર અને અગ્નિકાષ્ટ લાવ્યો
કરી તાપને મેહેલ ત્યાં સળગાવ્યો-મારા—૨
સૌજન મળી ગુંબાટ કરે
થઈ જાગૃતમેં સૌ જોયું ખરે
ઊઠે ભડકે ભડકા અગ્નિ અરે-મારા—૩
થયું અમોને જ્યારે કષ્ટ ઘણું
ત્યારે ધ્યાન ધર્યું પરિબ્રહ્મતણું
રક્ષા કીધી મુરારે તેજ ક્ષણું-મારા—૪

૨૬

ગુલાબ—

સુનહો દાસી કહુંસું તુજને કષ્ટકરે બહુ સ્વામી
દુખરે આપ્યું બાલ દીયરને દુઃખહુ અતિશય પામી
વૃની કેવી ધારી હાય હાય હાય
કીધાં સર્વને દુઃખકારી—૧

દાસી—પરમેશ્વરપર રાખો ભરોસો સાહ્ય પ્રભુજી કરસે
બાઈ તમારા કષ્ટ સર્વે નાથીયણુ સૌહરશે
ધીરજ ધરોને માજી ઈ ઈ ઈ
ઈશ્વર તમપર છે રાજી

ગુલાબ—ધર્મછે મારો પતિવૃતાનો સ્વામીતણું સુખ નાહીં
ચીર આભૂષણુ સ્વાદીષ્ટ ભોજન ગમેન મુજને કાંઈ
નયનમાં નીદ્રા નહીં હીં હીં હીં
પ્રભુ સું કરૂં સુઝેન કાંઈ

બને—પરમ કૃપાળુ નાથ દયાળુ વીનંતિ ઊરમાંધરજે
કૃષ્ટ હમારાં દુર કરીને સાહ્ય સદા તું કરજે
અરજ ઊરમાંધારી નાથ નાથ નાથ
કરો મહેર શ્રી મુરારી

૨૭

ભુપતસિંહ—

વૃદ્ધા અવસ્થા થઈ અમારી કેશરી નીવડશે
છે દુઃખકારી-વૃદ્ધા—(ટેક)

કેશરીસીંહે ખોટ લગાડી
કુમારસીંહે પ્રીય પત્નિને પાળી
કુમાર દેખી મુઝદીલકું ઠરેરે
પ્રાણ થકીપણ અધિક ધાર્યુ રે—૧

૨૮

રામનંદ—
મેરા રામનંદ હે નામ કરતા મસ્તીકામેં કામ
કુસ્તી કી રખતા મેં હામ ફીરકે આયા હું યે ગામ
રઘુનંદ—યારો નામ રખામેં ભારે એકીલે તીન જીનકુ મારે
હડી ચુર ચુર કરડાલે ઘીંદ્રા બીન હે દેશ હમારે
રામનંદ—અબે ચલજા હ્યાંસે દુર હમકુ ક્રોધ ચડે ભરપૂર
છુપાદે તેરી મગરૂર દેખા મેંને તેરા સુર
રઘુનંદ—હમકો તુમતો નાહીં ડરાઓ કુસ્તી કરના હોય તો આઓ
નહીં તો હ્યાંસે ચલે જાઓ ફોગટ સોર નાહીં પીરાઓ
ગુજરાતી—અલ્યા એમ લડોછો ભાઈ સુણી સાદને આવ્યો ધાઇ
ખોઇ આજ મારી કમાઇ પાડીમેં રસ્તામાં ખાઈ
મરેઠો—કસાલ્લા ફીરતે તુહીં હીકળે હમાલા જાના હે તીકડે
આઈકુન સોર આયાઇકડે કરતે હે તુહીં દોજીન ઝાકડે
ગુજરાતી—ઈકડે તીકડે હુનવજાણું ખોયું આજમેં ભારે નાણું
સોધ્યું પાઈ તણું ઠેકાણું હવે જડસે મારૂનાણું

૨૯

કેશરી—હું કષ્ટમાં આવી પડયો મુજ મીત્ર કયાં ગયા
જેલમાં પડેલો જાણી બેસી સું રહ્યા
છોડાવો અહીં સત્વર આવી લાવી મન દયા—૧
છોડાવસે સું એહ મુજને ભયભીત તે થયા
નાસી છુટું અહીથી નીશ્ચે ઈલાજ એ રહ્યા—૨

૩૦

છોકરો—ઓ પ્યારી તું મારી જમવાને કયાં એજાસે
પાતળ પડીયાવીના જઈને શેમા લઈને ખાસે—(ટેક)
છોકરી—જઈસ હું મારે ગામની બહારે શું છે તારે
છોકરો—ઓપ્યારી તું મારી
લટકારી ભટકારી નખરો તારો છે ભારી
ચાલ ચમકતી ચાલી જઈને આંખમીંચનેમારી
છોકરી—જા તું અહ્યાથી આવ્યો કયાંથી નીકળઅહ્યાથી—પ્યારીતું

૩૧

ચંદા—હરશીત આજ મુજ મનછે—(૨)
આવો પ્યારા મોહન મારા પ્રીતેદાશ વીનવે
આનંદ આનંદ છે હુલાશ આશમે
આવી મલ્યા છો તમે દાસી ચર્ણમાંનમે—૧
વીયોગ પ્યારા લાગે છે ખારો જીવ મુઝાયે મારોરે
અમન ચમનમાં વિલાશ કરવા રાય રાય
રાય હરશીત—૨

૩૨

ચંદા—વાત નહીં કરસો નાથએ નહીં થઉ આપ થકી ન્યારીરે
ભટકું હુ વનમાં કોની સરણમાં
સાથે રાખો પ્રીતે કહે છે પ્યારીરે—વાતનહી—૧
કુમાર—સ્યાણી હઠ આમતું કાં કરે સુંદરી સલુણી પ્યારી મારીરે
લુચ્ચા લબાડી દુર કરી હું તેને ચુર
આવીસ ઝટ પાસે પ્રીયતારીરે—સ્યાણીહઠ—૧

૩૩

ગુલાબ.—મૂર્ખ પતિની પત્ની ખરે દુખી જગતમાં કહેવાયજી
અરેરે આ દુષ્ટ માવજી મુજપર ગજબ વરતાયજી—મૂર્ખ—૧
દાસી—ધીરજ રાખોને તમે એનડી કરસે પ્રભુ તમને સાહયજી
લખ્યા લેખ ટાલ્યા નહીં ટલે નીશ્ચે લખ્યું તે થાયજી—ધીરજ—૧
ગુલાબ—મદન મારો મારીરે મુઝાયછે. મારી યુવા અવસ્થા જાયજી
અરેરે હવે હું તે શું કરૂં પીડા બહુ અંગે થાયજી—મૂર્ખ—૨
દાસી—બાઇ મારીરે સુલક્ષણી તમે થાઓ હવે સાંન્તજી
પ્રભુ સાહયે કરશે હવે તમે છોડો કલ્યાંતજી—ધીરજ—૨
ગુલાબ—દાસીરે તુ છો મારી ડાયલી નથી કોઇ મારે પીયરજી
રાજ્ય દગાથી છોડાવીયું કાઢયો સમજુ દીયરજી—મુર્ખ—૩

૩૪

કુમાર—ગુન્હો કરયો મેં સો પ્રભુજી આપનો અરે
છોડાવ્યું રાજ પાટ સુખ ઈશતેં ખરે—ટેક
પાપ પેલે જન્મમે શું કર્યાં હશે.
તુજ રહેમથી પ્રભુજી સાહેતા થસે.—૧
ચંદ્રવદની ચતુર સુંદરી દુઃખ સહુ સહે—
દયા કરી દીન દાશપર પ્રભુ શાહે માં રહે—૨

૩૫

કુમાર—દુઃખી થઈ વનવિશે ફરતો નારાયણ તુજ ધ્યાનજ ધ્રરતો
સ્મરણ સદા કરતો દુઃખી—૧
પત્નિ મારી પ્યારી જે ચંદા તેનુ નામ
આકાસેકો લઇ ગયું ખોળું હવે કયે ઠામ–દુઃખી—૨
જગ્ત પિતા પરમેશ હો જય પ્રભુ દીન દયાળ
પત્નિથી મેળાપકર માનું સદા હું પાળ–દુઃખી—૩

૩૬

માર્ગી—હરી હર હરી હરને સોભજીએ
કામને ક્રોધ સત સંગથી તજીએ—૧
સત સંગમાં પ્રભુના ગુણ ગાયે
ગુણ ગાએ છે સદા પાંડવરાએ—૨
પ્રભુ નામથી ભવ સાગર તરીએ
માટે પ્રભુ તણું ભજન કરીએ—૩
ભજનથી પ્રભુ રાજી રહે છે
પ્રભુભજોને એમ દાસ કહે છે—૪

૩૭

ચંદા—કરો સાહય મને કીરતાર (ટેક)
આઅતિ દુઃખમાંથી પાર મને ઉતાર હાય હાય હાય કરો—૧
દુષ્ટ રાક્ષસ તે મુજને શું કરસે
આવે છે. એહ વીચાર
કરૂં એકલી હું આવન વિશે પોકર હાય હાય હાય કરો—૨
સ્વામી તણા વીયોગથી મુજને
સુઝે ન કાંઇ આવાર
લજા રાખ જો હે પ્રભુ નારાયણ નીરધાર હાય હાય હાય—૩

૩૮

રાક્ષસ—
છબી કેવી રંગીલી તારીરે છબીલીઓ સુંદરી પ્યારી
ચંદ્રવદન છે રસીલી તારૂં ગજ ગમની છે ચાલ
નયનને નખરેથી હોનારી નરકરે તું બે હાલ–છબી—૧
ભમર કાળી વાંકી અણી આબી અધરોષ્ટ પ્યારી લાલ
વેણી ગુથેલી છે નાગની ફેની ખુબ ગુલાબી છે ગાલ,–છબી—૨
સણગાર તારો નીહાળી નારી ઊપજે મુજને વહાલ
ફકળીનું આવચન હો પ્યારી પ્રેમે ધરીને તું પાલ, છબી—૩

૩૯

કુમાર—પ્રીયમારી પ્રીયમારી

સુખકારી મળયા એને આજે સુના મમ પ્યારી

ચંદા—જાઉં વારી જાઉં વારી

અરે આવો છબીલી વીનવેછે. દાસી તમારી

કુમાર—છબી તારી છબી તારી

દીશે આજે અતીશે હુલ્લાસે ખરે પ્રાણ પ્યારી

ચંદા—પ્રાણાધાર પ્રાણધાર

પ્રેમસાથે મલી માનીએ પ્રભુનો ઊપકાર

કુમાર—છંઊ તૈયાર છંઊ તૈયાર

પ્રીતે આવો સુંદરી ઓ પ્યારી તમે હૈયાં હાર

૪૦

સ્તુતી—હેપ્રભુ ઓવીંભૂ શંકટ સર્વ હરતું મારાં—ટેક

જય ડીંગબરે તું જોગેશ્વરે (બે વાર)

તુજ કૃપા થકી ભવસાગર તરે

દુઃખ નીવારણ સુખનું કારણ તું મહેશ્વરે

અહો કૃપાનાથ, ગ્રહોને હાથ એકવાર

પાર ઉતાર હેવીભૂ સંકટ સર્વ

અંક ૩ જો.

૪૧

કેશરી—સંસારેનર વેષમાં અવતરી શેવી નહીં ભામની

ઓલીંગી નહીં નારીને પ્રીતી થકી તો કામશા કામની

વિધી હે તું વીશારીને જગતમાં ચારે દીશા આ થકી

ખોયો-જન્મ ઊદાસીમાં રહીસદા શું લાભ એમાં જડે

૪૨

ગુલાબ—ધન્ય દીન પતિ આજ-(બે વાર)

પ્રમે યધારે પ્રાણજીવન ભમ પ્યારા

નાથ નાથ કદી નહીં યસો જ્યારા

દર્શનની છે દાસી હુલાસી આજે થઈ પ્યારા

પ્રીતીની પ્યાસી ધન્ય દીન—૧

૪૩

કેશરી—મતીમંદ હતી પ્રીયમારી તેથી કીધી તને દુઃખીઆરી

અભીચારી હું રમતો જુગાર તેમાં ખોયુંમેં સુખ સંસાર

રમત કરતાં હું રાજ્ય સૌહાર્યો બીનવાંકે બંધુને નસાડયો
બંધાણી ચોરનેરે જુગારી એવા દુષ્ટોથી કીધીમેંયારી
સૌ લોકો કરતા ધીકાર પીતાએ કાઢયો કચેરી બહાર
હવે સોગન ખાઉછું પ્યારી દુષ્ટકૃત્ય મુકુછુ વીસારી
પ્રીયે આવો પ્રેમધરી મલીએ નાનાબંધુની સોધે નીકળીએ

૪૪

ગુલાબ—આવો અલબેલા રંગરસ રમીએ
નાહક આદેહ શું કામજ દમીએ
શુભ મતી રાખીએ સૌસજ્જનોને ગમીએ
શાણાને સમજુ તમે છો છો છો

કેસરી—પ્રાણાધાર હૈયાહાર પ્યારી મારી નાર
ભ્રષ્ટમતી હતી જેથી રમતો જુગાર
મોહબાણુ મારી પ્રાણુ હર્યા નીશ્ચે જાણુ
ચમન વિલાશ કરશું બહુ બહુ

૪૫

ભટજી—ભાંગ બની રંગ રસાલી છેલ છબીલી
પી-રસીલી પીતું પી—(ટેક)
ગાંજો ગુણે ગરમ છે મગજ ને કરે એ તાપ
અફીણ રંગ રાજસી સરાબ છે ખરાબ ભોગ—૧

ભટાણી—ચલમતો જુલમ તમારી નિત્ય ન ખાવે નાણાં
વ્યસન તારૂં મુકનકાં ઘરમાં રહેશે પાણા—૨

ભટજી—કોઈ પીએ તમાકુ કોઈ શુંઘેને ચાવે
તેમાં શુ બકે છે રાંડ સીદને સરમાવે—૩

ભટાણી—શુંગણી સુગામણી છે લુંગડા લજાવે
નાક ચુવે આંખચુવે એશું કામ આવે—૪

ભટજી—બકબકાટબંધ કરતું દીલમાં જાએ ચાહી
જેવો છું તેવો હું તારો મીણનો તો માટી—૬

ભટાણી—આળશુ અફીણી ભંગી ઘરમાં પડયો ખાય
રોજનો કંકાશ પીટયું આ તે કેમ રહેવાય—૬

૪૬

ચંદા—પ્રીતમ પ્યારા આપ વિયોગે રહીશ હું કોને સર્ણું
શસ્ત્રથી છેદો સીર અમારૂં કહું ન મી તુજ—ચર્ણું—૧

કુમાર—ધીરજ ધરતું પ્યારી ઓમારી તજીને સહુ ચીંતાય
લલાટમાંજે જેલેખ લખેલા તે કેમ ટલ્યા જાય—૨

ચંદા—જીવન મારા આપવિના ઘડી એક નહીંરે જીવાય
બાલ્ય આ દીકરી તુજ દાશીની શીગતી સ્વામી થાએ

કુમાર—પરમેશ્વરપર રાખો ભરોશો તજીને સહુ ચીંતાય
અંતરયામી સત્વર આવી કરશે આજે સહાય

૪૭

કુમારચંદા—અર્જ મારી ધર ધ્યાનમાં વીભૂ તું
ધ્યાન ધર વિનતિ મહારાજ—(બેવાર)
પ્રીતે ગુણ ગાઉ આજ
પ્રભુજી ઓચરીએ—(૨) ઊમીયાપતિ—૧
ચરણમાં હુ પ્રભુજી ધરૂં સીસ
સીશ નામુ ઈશ શરણ હું રહીશ
દયાલુ મયાલુ દુઃખભંજન જગદીશ ચરણ—૧
અંતરયામી છો નીસ્કામી પ્રભુ પરમેશ
અમપર અતિ દયાલાવી કષ્ટ હરોમહેશ
આજે સ્તુતી કરી ઊરેધરો હરી
રહેમ લાવો દીન દાસપર સર્વ તજીને રીસ—ચરણ—૨

૪૮

કુમાર—ક્રુર કલંકશીર આવ્યું અરેરે
તુજવીણ સાહ્ય પ્રભુ કોણ કરેરે—ક્રુર—૧
નીર અપરાધી છું હું મુરારી
ભૂપતસિંહનો બાલ્ક ખરેરે—ક્રુર—૨

૪૯

કુમાર—શુનો શુરસેન મહારાજ પીતા સમપ્યારા
વીતી અમપર અતી દુઃખતણી અરે જલધારા
થયો વડીલ બધું કેશરી અરે વ્યભીચારી
મમપીતાએ કાઢયોવંન કરીનીચ યારી
વસતો જંગલમાં ચોર જુગારી સાથે
આવ્યો ત્યાં મન વીચાર એક દીનરાતે
મારો રાજ્ય ગાદીનો હક તોડી દુર કરસે
કુમાર બંધુ ગાદીપર વારસ ઠરશે
એવો વીચાર કરીને અગ્નિકાષ્ટ લઈઆવ્યો
જ્યાં સુતા અમો નરનારતે મેહેલ સળગાવ્યો
કરી પ્રભુજીએ સાહ્ય પાર ઊતાર્યો
દાવા નળમાંથી આજ અમોને ઊગાર્યો
તે ખબર શાંભળી પામ્યા પીતાજી મર્ણ
દીલગીરી નીસાથે ગયા પ્રભુને સર્ણ

મને શોધ્યુ રાજ્યને પાટ ગાદી બેસાડ્યો
કેશરીએ દીધુ દુઃખ વનમાં કહાળયો
કોદૈત્ય આવીને ગયો ઊપાડી નારી
ભટકયો હું રાનોરાન મળીનહીં પ્યારી
છોડાવવા પ્યારીને યુધ્ધતે સાથે કીધું
કરી શસ્ત્ર પ્રહારને શીર ઊડાવી દીધું
રસ્તો ભૂલ્યેથી આવ્યો આપને ધામ
થયો મગ્ન હું મનમાં શુણી આપનું નામ
તોહ મત મુકીને ભટાણીએ પકડાવ્યો
કરી કેદ સીપાઈ આપ હજુરમાં લાવ્યો

૫૦

સુરસેન—ધન્ય તું ક્ષત્રી કુળનો બાલ-(બેવાર)
પ્રભુએ મેળવીઓ તતકાળ
કુળમાં રત્ન તણી છો ખાણુ
કૃત્ય આ સુજથી થયું તું અજાણુ—૧
કાન્તા રૂપાળી નયને ભાળી
કર્યો તો દીલમાં વીચાર
દીસે છે ભૂપતનો તે કુમાર—૨
શું દુઃખ પામ્યો વનમાં આવ્યો
કહ્યું તે સહુ વૃતાંત
સાંભળયું આજે થઈને શાન્ત—૩
કષ્ટો હરીને સુખ કરીને
રહેજે તું મારી પાસ
પુત્ર તું કરજે રાજ વિલાશ—૪

૫૧

લુટારાઓ—લુટફાટ લુટ કરીએ લુટારા મોટું નામ
સહુસાથ દગો રમીએ પડાવી લઈએ દામ
માણુસ સહુને પકડી મારીએ—લુટ-૧
ધન આપે પણ નવ ઊગારીએ
ઘણાઓને દુઃખી કરીને કાઢી નાંખ્યા કામ—લુટ-૨
સોનું રૂપુને બહુ પૈસા ભર્યા છે ભંડાર
રાળ રૂપીઆ મોહોરો સાથે વસ્ત્રો છે અપાર
વેચવાને સારૂં લઈને ફરીએ ગામોગામ—લુટફાટ-૩

૫૨

કેશરી—લડું હું લડાઇ જઈ તેની સાથ
ગુલાબ—ન બનસે લડાઈ અહોસ્વામીનાથ

આપછો એક સામા સહુ સામટા
તેહથી કેમ ભીડો પતિ બાથ—ન બનસે-૧

કેશરી—લડું હુ લડાઇ જઇ તેની સાથ
જુલ્મગાર પાપીનીચ અધર્મીને
આજે બતાવુ ક્ષત્રી તણાહાથ—ન બનસે-૨

ગુલાબ—ન બનસે લડાઇ અહો સ્વામીનાથ
આ ભૂક્ષણો નાંખીં નાશીએ ઝટઝટ
આવી મને દીલમાં એહ વાત—૩

કેશરી—લડુ હું લડાઇ જઈ તેની સાથ
ઘેલી એશું વદે પ્યારીઓ ખસખસ
કલંક લાગે તેમાં ક્ષત્રી જાત—નબનસે-૪

૫૩

કેશરી—દુર દુર પાપી કરુર ઊતારૂં તારો મગરૂર
દુષ્ટ તુંને કરૂં ચુર લડાઇ લડું ભરપુર—દુર-૧
પાપી અહીંથી દુર બતાવ નહીં તુજ નુર
હે અસુર પાપીપુર મારૂં તુજને હે નીષ્ઠુર—દુર-૨

૫૪

લસ્કરી—સૌ સજો સજો શમશેર દુસ્મનથી લેવું છે વેર
ન પાછ પડવું મારીને મરવું
મારો અરીને ખેર જવા નપામેઘેર—૧
યુદ્ધ કરવું દીલ નડરવું
આવેછે આંખોમાં ઝેર કરો શત્રુપર કેર—૨

૫૫

કુમાર—કરો સાહય હવે ઓ મુરારી
ચંદા—લજા રાખી ઈશતે મારી
કુમાર—ભૂવન તજાવ્યું હે પ્રભુ ભટકાવ્યો વનમાંય
સંકટ શહી ત્યાં અતિ ઘણુ આવ્યો હું અરે હ્યાંય
થયો આહીં આજ સુખકારી
ચંદા—લજા રાખી ઈશ તે મારી
કુમાર—કરો સાહ્ય હવે ઓ મુરારી—લજા
કેશરી—કષ્ટ કરયુંમે આપને છોડાવ્યું સુખરાજી
રહેમ કરી મુજ કરુરપર ક્ષમા કરો સહુ આજ
દશા કરી અરે દુઃખી ચારી
ચંદા—લજા રાખી ઈશતે મારી
કુમાર—કરો સહાય ચંદા લજા રાખી

ગુલાબ—ધર્મ પ્રતીવૃત માહેરા રાખ્યો એ જગનાથ
મેળવ્યા આં કરી મહેરૂતે સ્વામી દીયર સાથ
મળી ચંદા બેન મુજ પ્યારી

ચંદા—લજા રાખી ઇશ મારી

કુમાર—કરો સાહય હવે એ મુરારી—લજા

ચંદા—કષ્ટ થયું બાઇ વનમાં આવ્યો એક અસુર
સ્કંધમને લઇ તે ગયો સ્વામીએ કર્યો ચુર
કરી યુદ્ધ મને રે ઊગારી—લજા રાખી

કુમાર—કરો સાહય હવે મુરારી—(લજા રાખી)

સુરસેન—સ્યાણાઓ શમજુતમો ધીરજ રાખો બાલ
સંપકરી સહુ ચાલજો કરશે ઇશાનીહાલ
નાખ્યા કષ્ટ સર્વે સંહારી

ચંદા—લજા રાખી ઈશતે મારી

કુમાર—કરો સાહય હવે એ મુરારી—ચંદા લજા

૫૬

ફેંકટ—કેશરી સાથે યુદ્ધ-કરીને ઝોટી લીધું રાજ
મહેનત કીધી છે મેં ઝાઝી માટે બનું મહારાજ

મૂઢ—પહેલી ખબર પડી નહીં મુજને થસો તમે કમજાત
દગાખોર અહીંથી દૂર જાઓ નહીંતર મારીશ લાત

ફેંકટ—લાત મારવાવાળો એવો તું છે કોનો વીર
પીસ્તોલથી હમણાં ઉડાડી નાખીશ તારૂં શીર

મુઢ—સામ સામા બેઊ લડશું તો પણ શીધ્ધ થસે નહીં કાજ
પાસા ખેલતાં પહેલોજી તે તેનું છે આરાજ

૫૭

સર્વે—ઇશરાણ્ય તે કરી કષ્ટ સૌલીધા હરી
આપ્યું સુખરે કરી એ મયાળું તે—ટેક
જય જય જય આજ જીત્યાં અમો આરાજ
દંભી દુષ્ટ જુલ્મગાર ચોરી કર્મ કરતા જાર
પાપીઓ કરાવ્યા ઠાર થઈ મયાળુ તે—૧
જયશ્રી દ્વારકાં દીશ તુજ ચરણે નામી શીર
શરણુ રહી કહે છે બાલ અલ્પ આમતીનો ખ્યાલ
પૂર્ણ કીધો વીશ્વપાલ ઇસતેં ખરે—૨

સમાપ્ત.